HM Government

# રોજગારમાં તમારા અધિકારો વિશે વધારે જાણવા માગો છો?

## તમારો એક સશક્ત મિત્ર છે



# નીચેની બાબતોમાં તમારા અધિકારો જાણો:

- રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન
- કામના કલાકો
- એજન્સીની નોકરી
- કૃષિ ક્ષેત્રમાં નોકરી
- ગેંગમાસ્ટરો હેઠળ નોકરી



યુનાઈટેડ કિંગડમમાં કામ કરતી દરેક વ્યક્તિના રોજગાર સંબંધી કેટલાક અધિકારોનું આ લિફલેટમાં વિવરણ આપ્યું છે. જો તમારા એમ્પ્લોયર આ નિયમોનું પાલન ન કરતા હોય તો તેનો અર્થ એ કે એ કાયદાનો ભંગ કરે છે.

હવે વેતન અને રોજગારના અધિકારો વિશે એક હેલ્પલાઈન (Pay and Work Rights helpline) શરૂ થઈ છે, એના મારફતે પણ તમે આ અધિકારો વિશે વધારે માહિતી મેળવી શકો છો. તમારે શું કરવું તેના વિશે તમને સલાહ અને મદદ મળશે. તમને જે મળવું જોઈએ તે મેળવવામાં હેલ્પલાઈન મદદરૂપ બનશે.

વેતન અને કામના કલાકોના નિયમો બધા જ કામદારોને લાગુ પડે છે (જુઓ પાનાં 3 અને 4). અમુક પ્રકારનાં કામો માટે ખાસ નિયમો પણ છે. આ લીફલેટમાં આગળ એની સમજણ આપી છે.

તમારા એમ્પ્લોયરે તમને રોજગારને લગતા બીજા અધિકારો પણ આપવાના જ છે, જેમ કે સવેતન રજા, આરામ માટે કામમાં વિરામ, અને કામના સ્થળે તમારાં આરોગ્ય અને સલામતીનું પણ એણે ધ્યાન રાખવાનું છે. તમને આ બાબતમાં, અથવા અહીં ચર્ચા ન કરી હોય તેવા રોજગાર અધિકારો વિશે કંઈ ચિંતા હોય તો Acas (રોજગાર ક્ષેત્રે સારા સંબંધો કેળવવા માટે કામ કરતી સાર્વજનિક સંસ્થા)ને **08457 47 47 47** પર ફોન કરીને સલાહ માગો અથવા **www.direct.gov.uk**ની મુલાકાત લો.

આરોગ્ય અને સુરક્ષા સંબંધી કંઈ જાણવું હોય તો **0845 345 0055** પર HSE (આરોગ્ય અને સુરક્ષા તંત્ર)નો સંપર્ક કરશો.

# રાષ્ટ્રીય ન્યૂનતમ વેતનની ચૂકવણી વિશેના નિયમો

- તમારી ઉંમર 22 વર્ષ કે તેથી ઉપર હોય તો તમને એક કલાકના ઓછામાં ઓછા £5.80 મળવા જોઇએ. આ રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન છે.
- રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન મેળવવાનો અધિકાર લગભગ બધાંને છે. આમાં હંગામી, પાર્ટ-ટાઈમ અને કેજ્યૂઅલ વર્કરો, ઘરમાંથી કામ કરનારા, છૂટક કામ કરનારા અને બીજા દેશોના લોકોનો સમાવેશ થઈ જાય છે.
- 1 ઑક્ટોબર 2009થી તમને જે કંઈ ટિપ મળે તે ન્યૂનતમ વેતનની ઉપર વધારાની ગણવાની છે.
- તમારો એમ્પ્લોયર તમારા વેતનમાંથી ઉપકરણો, રક્ષણાત્મક વસ્ત્રો કે યુનિફોર્મના પૈસા કાપે તેથી વેતન રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન કરતાં ઓછું રહેતું હોય તો આવી રકમ કાપી ન શકે.

રાષ્ટ્રીય ન્યૂનતમ વેતનની રકમ દર વર્ષે ઑક્ટોબરમાં બદલાઈ શકે છે.

## નાની વયના કામદારો

22 વર્ષથી નાની વયના લોકો માટેની રકમ આ પ્રમાણે છે:

- એમની ઉંમર 18 થી 21ની હોય તો કલાકના £4.83
- એમની ઉંમર નિશાળ છોડવાની વય અને 18 વર્ષની વચ્ચે હોય તો કલાકના £3.57.

## કેટલાક અપવાદો

- કેટલાક લોકોને રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન આપવાનું જરૂરી નથી; દાખલા તરીકે, કેટલાક ઍપ્રેન્ટિસો અને વર્ક પ્લેસમેન્ટ પર કામ કરતા વિદ્યાર્થીઓ.
- તમારી રહેણાકની વ્યવસ્થાના બદલામાં તમારો એમ્પ્લોયર તમારા nmw (રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન) માંથી અઠવાડિયાના £31.57 કાપી શકે છે. આને 'એકોમોડેશન ઑફસેટ' ('રહેણાક સામેની કપાત') કહે છે.
- તમે ખેતીવાડીને લગતું કોઈ કામ કરતા હો તો એના ન્યૂનતમ વેતનના દરો જુદા છે (જૂઓ પાનું 6).

## તમને રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન મળે છે?

તમને કેટલું વેતન ચૂકવાય છે તે દર્શાવતી પે-સ્લિપ તમને મળવી જોઈએ. એમાં એ પણ દેખાડેલું હોવું જોઇએ કે કેટલી રકમ કપાય છે, દાખલા તરીકે, કરવેરા.

પરંતુ તમને ન્યૂનતમ વેતન મળે છે કે નહિ, તે કદાચ સ્પષ્ટ ન પણ થાય. અમુક રકમ ગણાતી નથી - જેમ કે ખર્ચ. અથવા તમને દર કલાકે એક નિર્ધારિત રકમ ન મળતી હોય.

વધારે વિગતો જાણવા માટે **0800 917 2368** પર હેલ્પલાઈનને મફત ફોન કરો, અથવા **www.direct.gov.uk/ payandworkrights**ની મુલાકાત લો.

# કામના કલાકો વિશેના નિયમો

- તમારે દર અઠવાડિયે સરેરાશ 48 કલાકથી વધારે સમય કામ કરવાનું નથી.
- યુનાઈટેડ કિંગડમમાં કામ કરનાર લગભગ દરેકને આ લાગુ પડે છે.
- તમારી ઉંમર 18 વર્ષથી ઉપર હોય તો તમે તમારી મરજીથી વધારે કલાક કામ કરી શકો છો - પરંતુ તમારો એમ્પ્લોયર તમને ફરજ ન પાડી શકે. આ બાબતમાં તમારે અવશ્ય લેખિત સમજૂતી કરવી જોઈએ.

## તમે કેટલા કલાક કામ કરો છો તેનો હિસાબ કેમ કરવો

ક્યારેક તમે તમારા સામાન્ય કામ ઉપરાંતનો સમય ખર્ચશો તે 48 કલાકની અંદર ગણાય, દાખલા તરીકે:

- કામ માટે તાલીમ
- અવરજવરનો સમય, જો એ કામ સબબ હોય તો
- પૈસા માટે ઓવરટાઈમ.

નીચેની બાબતો તમારા કામના કલાકમાં ન ગણાય:

- ભોજન માટે વિરામ (લંચ બ્રેક)
- નોકરીએ પહોંચવા અને ઘરે પાછા જવામાં મુસાફરીનો સમય
- તમે પોતે પૈસા વિના ઓવરટાઈમ કામ પોતાની મરજીથી કરો.

## નાની વયના કામદારો

નાની વયના લોકો (નિશાળ છોડવાની ઉંમરથી 18 વર્ષ સુધી) માત્ર દિવસમાં આઠ કલાક સુધી અને અઠવાડિયામાં 40 કલાક સુધી કામ કરી શકે.

## કેટલાંક કામોનો હંમેશાં સમાવેશ થતો નથી

કેટલાંક કામો એવાં હોય છે, જેમાં અમુક સંજોગોમાં વધારે લાંબો સમય કામ લઈ શકાય છે. આવાં કામો છે:

- સશસ્ત્ર દળો, પોલીસ, આગ અને એમ્બ્યુલન્સ સેવાઓમાં કેટલાક પ્રકારનાં કામો
- સમુદ્રમાં માછલી પકડવા જતી નૌકાઓમાં કે સરોવરો અને આંતરિક જળમાર્ગોમાં ચાલતાં વ્યાપારી જહાજોમાં કામ
- ખાનગી ઘરોમાં નોકરો.

વધારે વિગતો જાણવા માટે **0800 917 2368** પર હેલ્પલાઈનને મફત ફોન કરો અથવા **www.direct.gov.uk/payandworkrights**ની મુલાકાત લો

# એજન્સીમાં નોકરી કરતા હો તો

- એજન્સીએ તમે કામ કરો તે દરેક ક્લાક માટે વેતન ચૂકવવું પડશે.
- તમને કામ શોધી આપવા માટે તમારી પાસેથી એ પૈસા ન જ માગી શકે.
- એજન્સીએ તમને એ કહેવું પડશે કે એ તમને કેટલું વેતન ચૂકવે છે, તમારા માટે નિયમો અને શરતો શું છે અને તમારા માટે એ ક્યા પ્રકારનું કામ શોધશે.
- તમને કહ્યા વિના અને તમારી સંમતિ વિના એજન્સી તમારા પગારમાંથી ઉપકરણો, રક્ષાત્મક કપડાં અથવા યુનિફોર્મ માટેના પૈસા ન કાપી શકે.
- એજન્સી વધારાની સેવાઓ માટે પૈસા લઈ શકે પરંતુ કામ અપાવવા માટેની શરત તરીકે આ સેવાઓનો ઉપયોગ કરવાની તમને ફરજ ન પાડી શકે.

મનોરંજન કે મૉડેલિંગ એજન્સીઓ માટે જુદા નિયમો છે. તમારી એજન્સીમાં તપાસ કરો અથવા **www.direct.gov.uk** પરથી માહિતી મેળવો.

રોજગાર એજન્સીઓનાં ધારાધોરણોનું નિરીક્ષક કાર્યાલય (Employment Agency Standards Inspectorate) એજન્સીઓ કાયદાનું પાલન કરે તેનું ધ્યાન રાખે છે. રોજગાર એજન્સીઓ વિરુદ્ધની ફરિયાદોની તપાસ કરે છે.

## બીજા રોજગાર સંબંધી અધિકારો

તમને સવેતન રજા અને આરામ માટે વિરામના સમયના અધિકાર પણ છે.

વધારે વિગતો જાણવા માટે **0800 917 2368** પર હેલ્પલાઈનને મફત ફોન કરો, અથવા **www.direct.gov.uk/payandworkrights**ની મુલાકાત લો.



# કૃષિ ક્ષેત્રમાં નોકરી કરતા હો તો

કૃષિ ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે કેટલાક ખાસ નિયમો છે.

કૃષિમાં પશુસંવર્ધન, ખેતરમાં કોઈ પ્રકારના અન્નનું ઉત્પાદન, બાગાયત, વ્યાપારિક ઉદ્યાનકામ અથવા રોપા ઉછેરનું કામ, ફૂડ પૅકેજિંગ અને ફૂલઝાડની વાડીઓ કે જંગલની જમીનના વહીવટનો સમાવેશ થાય છે.



- તમને કલાકના ઓછામાં ઓછા **£5.81** મળવા જોઈએ.
- તમે પાર્ટ-ટાઈમ, મોસમી, કેજ્યુઅલ કે છૂટક કામ કરતા હો તો પણ એ તમારો અધિકાર છે.
- તમે કામ દરમિયાન બીમાર પડો કે તમને ઈજા થાય તો સામાન્ય રીતે તમને આ જ હિસાબે વેતન મળવું જોઈએ.
- તમને તમારા એમ્પ્લોયરે રહેણાક આપ્યું હોય તો એના માટે એ તમારી પાસેથી અમુક પૈસા લઈ શકે છે. એ અઠવાડિયામાં **£31.57** સુધી લઈ શકે.
- તમે તમારા વેતનનો રેકૉર્ડ જોવા માગી શકો છો, અને તમારા એમ્પ્લોયરે તમને એ દેખાડવો જ પડે. એના પરથી તમે તપાસી શકો કે તમને કેટલું વેતન મળે છે.

તમે કોઈ ગૅંગમાસ્ટર માટે કામ કરતા હો તો પાનું 7 વાંચો.

વધારે વિગતો જાણવા માટે **0800 917 2368** પર હેલ્પલાઈનને મફત ફોન કરો, અથવા **www.direct.gov.uk/payandworkrights**ની મુલાકાત લો.

# ગૅંગમાસ્ટર હેઠળ નોકરી કરતા હો તો

ગૅંગમાસ્ટરોનો વ્યવસાય કેટલાક ઉદ્યોગોને શ્રમિકબળ પૂરું પાડવાનો છે. આમાં કૃષિ, વ્યાપારિક ઉદ્યાનકામ, શેલફિશ એકત્ર કરવી, તેમ જ ખાદ્યપદાર્થો અને પીણાના પ્રોસેસિંગ અને પૅકેજિંગનો સમાવેશ થાય છે.

- તમને પણ વેતન અને કામના કલાકોની બાબતમાં બીજા કામદારો જેવા જ અધિકાર છે.
- તમારો એમ્પ્લોયર તમને બીજું કામ સ્વીકારતાં રોકી ન શકે, તમારો પાસપોર્ટ કે બીજા દસ્તાવેજ કબજામાં ન લઈ શકે, કામ છોડતા હો ત્યારે એના માટે પૈસા વસૂલી ન શકે અથવા કોઈ રીતે ધાકધમકી ન આપી શકે.
- ઉપકરણ, રક્ષાત્મક કપડાં કે યૂનિફૉર્મ જેવી વસ્તુઓ માટે તમારા પગારમાંથી પૈસા કાપી ન શકે.
- તમારો એમ્પ્લોયર આપે તે જ ઘરમાં રહેવાનું તમારા માટે ફરજિયાત નથી. એમ્પ્લોયર તમને ઘર આપતો હોય તો તે સુરક્ષિત હોવું જોઈએ.

ગૅંગમાસ્ટર્સ લાયસેન્સિંગ ઑથોરિટી (Gangmasters Licensing Authority) ગૅંગમાસ્ટરો હેઠળ કામ કરતા લોકોના રક્ષણ માટે રચાઈ છે. ગૅંગમાસ્ટર પોતાના કામદારો પ્રત્યે ન્યાયથી ન વર્તતો હોય તો ઑથોરિટી એનું કામકાજ બંધ કરાવી શકે છે.

## બીજા રોજગાર સંબંધી અધિકારો

તમને સવેતન રજા, માંદગીનો પગાર અને તાલીમના પણ અધિકાર છે.

તમે એજન્સી માટે કામ કરતા હો તો પાનું 5 વાંચો.

વધારે વિગતો જાણવા માટે **0800 917 2368** પર હેલ્પલાઈનને મફત ફોન કરો, અથવા **www.direct.gov.uk/ payandworkrights**ની મુલાકાત લો.

# વધુ માહિતી શી રીતે મેળવશો

FREEPHONE
**PAY & WORK RIGHTS HELPLINE**
**0800 917 2368**
**Directgov.uk/payandworkrights**

કેટલાક મોબાઇલ ફોન્સ પરનાં કોલ્સ મફત હશે અને અન્યમાં બદલાઇ શકે છે. વધુ માહિતી માટે તમારાં મોબાઇલ ફોન પ્રોવાઇડર પાસે તપાસ કરો.



## નીચેના સંજોગોમાં હેલ્પલાઈનને ફોન કરો:

- તમને વધારે મદદ કે સલાહ જોઈતી હોય
- તમને લાગતું હોય કે તમને યોગ્ય રકમ ચૂકવાતી નથી અથવા તો તમારા વેતન અને કામના કલાકો અંગેના નિયમોનો ભંગ થાય છે
- તમને રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન મળે છે કે નહિ તે જાણવું હોય.

હેલ્પલાઈનને મફત ફોન કરી શકો છો અને એ ગુપ્ત રખાય છે. તમે 100 કરતાં વધારે ભાષામાં મદદ અને સલાહ મેળવી શકો છો. તમારે ફરિયાદ કરવી હોય તો તમારો પરિચય આપવાનું જરૂરી નથી.

**www.direct.gov.uk/payandworkrights** પર બીજી ઘણીયે મદદરૂપ માહિતી છે. અથવા તમે તમારા એમ્પ્લોયર સાથે વાત કરો એ પણ કદાચ મદદરૂપ થઈ શકે.

આ લીફલેટમાં ન સમાવાયેલા, રોજગાર સંબંધી બીજા બધા અધિકારો માટે Acasની સલાહ લેવા માટે **08457 47 47 47** પર ફોન કરો અથવા **www.direct.gov.uk**ની મુલાકાત લો.

અથવા તો, તમે તમારા સ્થાનિક સિટીઝન્સ ઍડવાઈસ બ્યૂરો (Citizens Advice Bureau)માં જાઓ. તમારી સૌથી નજીકની ઑફિસ શોધી કાઢવા માટે તમારી સ્થાનિક ફોન બુક જૂઓ અથવા **www.citizensadvice.org.uk**ની મુલાકાત લો.

Department for Business, Innovation and Skills. www.bis.gov.uk
First published Sept 2009. Crown Copyright. BIS/09/09/NP. URN 09/1230 (Gujarati)